ફોજદારી કેસ નં.૭૨૨૭/૨૦૨૦

-: આંક:૧ નીચે હુકમ :-

સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો,કેસ જુનો છે.આરોપી સામે આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં,કેસ સમન્સ/સમરી ટ્રાયેબલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલા છે,પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી.કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી.કે ફરિયાદ પક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી.આમ,સદર કેસ ઘણા લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે,જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી,આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી.

**પી.રામચંદ્ર વિ.કર્ણાટક રાજ્ય-૨૦૦૨(૨)જી.એલ.આર.પાના નં.૧૫૪૯** ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે "The Criminal Court should exercise their available powers such as those under sections 309,311,258 of the Code of Criminal Procedure,1973 to effeetuate the right to speedy trial".આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬,તા.૧૭.૧૦.૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે,આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી.કલમ:૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી,કેસની હકીકતો,કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય,નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતાં અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ:૨૫૮ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિતજણાઈ આવે છે.આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ::**

૧. ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ:૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી/ઓના જાતમુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે.જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ: ૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે.અન્યથા બીનકિંમતી મુદ્દામાલ નાશ કરવો અને કિંમતી મુદ્દામાલ જેવી કે રોકડ રકમ સત્વરે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો રોકડ રકમ કોર્ટમાં જમા ના હોય તો નાઝરશ્રીએ સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમાં જમા કરાવવા જે તે પોલીસ સ્ટેશનના પી. આઈ. શ્રીને જાણ કરવી. મુદ્દામાલ મોબાઈલ/લેપટોપ/ઈલેક્ટ્રોનીક ગેઝેટ/વાહન અંગે વચગાળાનો હુકમ આખરી કરવામાં આવે છે. જો આ મુદ્દામાલ આરોપીએ છોડાવેલ ન હોય અને પોલીસ સ્ટેશનમાં જમા હોય તો તેની જાહેર હરાજી જે તે પોલીસ સ્ટેશનના પી. આઈ. શ્રી એ કરવી અને ઉપજેલ રકમ શ્રીસરકાર કરવી અને તેના ચલણની એક નકલ અત્રેની કોર્ટમાં સત્વરે જમા કરાવવી. જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**ઉપરોકત ચુકાદો તા. ૧૨ એપ્રિલ સને ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.**

મુકામ :અમદાવાદ

(વનરાજસિંહ આપાભાઈ ધાધલ)
કોડ નં. જી.જે.૦૦૮૯૧
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર